# ઓમાનના સુલતાન તરફથી વડાપ્રધાનને અભિનંદનનો કોલ આવ્યો છે

જૂન 11, 2024

આજે ઓમાનના સુલતાન મહામહિમ સુલતાન હૈથમ બિન તારિક તરફથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને કોલ આવ્યો છે.

સુલતાન હૈથમ બિન તારિકે તાજેતરમાં પૂર્ણ થયેલી સામાન્ય ચૂંટણીઓ બાદ ત્રીજા કાર્યકાળ માટે પ્રધાનમંત્રી તરીકે ફરીથી નિયુક્તિ થવા બદલ વડાપ્રધાનને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

મહામહિમે ઓમાન અને ભારત વચ્ચેના સદીઓ જૂની મિત્રતા પર ભાર મૂક્યો હતો અને ભારતના લોકોની પ્રગતિ અને સમૃદ્ધિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રધાનમંત્રીએ મહામહિમનો તેમની ઉષ્માભરી શુભેચ્છાઓ માટે આભાર માન્યો હતો અને ડિસેમ્બર 2023માં ભારતની તેમની ઐતિહાસિક મુલાકાત પર પ્રકાશ પાડ્યો હતો જેના કારણે તમામ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધુ ગાઢ બન્યો હતો.

બંને દેશોના પરસ્પર લાભ માટે બંને નેતાઓએ ભારત-ઓમાન ભાગીદારીને વધુ ગાઢ અને મજબૂત બનાવવાની પોતાની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી.

આગામી ઈદ અલ અધાના તહેવાર પર પ્રધાનમંત્રીએ મહામહિમ અને ઓમાનના લોકોને હાર્દિક શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

**નવી દિલ્હી**

**જૂન 11, 2024**